
## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




ચાયવાળા ચ્હાનો ધંધો છોડી રાજકારણમાં આવી ગયા હોય તેમ હવે આપણી બિસ્કીટવાળાએ પણ રાજકારણમાં જવાનો સમય આવી ગયો....!!

# ઢોરવાડા ખાતે હુમલો કરીને ઢોર છોડાવી ગયેલા ૧૩ની અટકાયત

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના સેકટર-૩૦ ખાતે આવેલા ઢોરવાડામાંથી જન્માષ્ટમીના દિવસે રાત્રીના ૨ વાગ્યાના અરસામાં ૨૫ થી વધુ નાગરીકોના ટોળાએ હુમલો કરીને સિક્યુરીટી ગાર્ડને માર મારી તેની પાસેથી ચાવી પડાવી લઈને ૧૮૦ થી વધુ ઢોરને છોડાવી ગયા હતા. ઉતરાયણ અને જન્માષ્ટી સમયે તંત્ર દ્વારા પકડવામાં આવેલા પશુઓને મુકત કરવામાં આવતા હતા. પરંતુ આ પ્રથા છેલ્લા બે વર્ષથી બંધ થઈ જવા પામી છે. ત્યારે શહેરના ૨૫ થી વધુના ટોળાએ ઢોર ડબા પર હુમલો કરીને પશુઓને છોડાવી નાસી ગયા છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ઘટનાની ગંભીર નોંધ લેતા પોલીસે તાત્કાલીક શહેરના વિવિધ વિસ્તારમાં રહેતા ૧૩ શખ્સોને દબોચી લીધા છે. પોલીસે તેઓની પાસેથી પાંચ બાઈક અને મોબાઈલ પણ જપ્ત કર્યા છે. ત્યારે આ અંગે વધુ વિગત આપતા ડીવાયએસપી એમ.કે.રાણા એ જણાવ્યું હતું કે આ શખ્સો ઢોર ડબા પર પશુઓને છોડાવવા માટે ગયા તે પહેલા સેકટર-૧૩ છાપરા વિસ્તારામં ભેગા થયા હતા. ત્યારબાદ તેઓએ રણનિતી ઘડીને ત્યાંથી સેકટર-૩૦ ઢોર ડબા ખાતે પહોંચ્યા હતા. આ ઘટનામાં હજુ પણ કેટલાક ઈસમોની ધરપકડ કરવાની બાકી છે. જયારે બનાવની તપાસ સેકટર-૨૧ પીઆઈ ટી.એલ.વાઘેલા ચલાવી રહ્યા છે.



## પકડાયેલા આરોપીઓ

- શંભુ લ્લુભાઈ રામજીભાઈ રબારી ઉં.વ.૧૯ રહે.સે-૧૩ છાપરા ગાંધીનગર, મુળ રહે. ગામ-વિઠલાપુર તા.માંડલ જી-અમદાવાદ
- નાનુભાઈ જીવાભાઈ ભરવાડ ઉં.વ.૩૬ સે-૭ ભારતમાતાના મંદિર પાસે છાપરા મુળ રહે. વંથળ તા.વિરમગામ
- ભરત કાળુ ભરવાડ ઉં.વ.૨૬ રહે.ધોળાકુવા, રામદેવ વાસ, મુળ રહે. વિઠલ ગઢ તા.વિરમગામ
- પેથા નાગજી મીર ઉં.વ.૨૬ હાલ રહે. ધોળાકુવા રામદેવનગર, મુળ-અંકેવળીયા તા.લિંમડી
- રવિ ગાભુ રબારી ઉં.વ. ૧૯ સે-૨૬ ચેહરનગર છાપરા ગાંધીનગર મુળ ગામ -પિંડારડા,
- હેમરાજ મફા રબારી ઉં.વ.૩૨ બોરીજ રબારીવાસ
- ભરત જગમાલ રબારી ઉં.વ.૩૩ રહે.ધોળાકુવા રાવળવાસની પાછળ ગાંધીનગર
- મનુ ઓગડ ભરવાડ ઉં.૩૩ રહે.ધોળાકુવા રાવળવાસની પાછળ ગાંધીનગર
- ભરત રામભાઈ જોધાભાઈ ભરવાડ ઉં.૨૪, સે-૧૩ છાપરા મુળ રહે.કાયલા તાં.માંડલ
- દિનેશ વિરમ સરતાન દેસાઈ ઉં.વ.૨૬ બ્લોક નં.૧૫૭-૨ જ-૨ ટાઈપ મુળ રહે. ઘટીસણા તા.દેત્રોજ
- જયેસ અમરત જેસંગ દેસાઈ ઉં.વ.૨૦ રહે. સે-૧૬ કાચા છાપરા, મુળ ગામ-વિઠ્ઠલાપુર
- જીગર બળદેવ તળજા દેસાઈ ઉં.૨૦ રહે.સેકટર-૮ વાલ્મીકી ઓફિસ કવાટર્સ બી-૧ ગાંધીનગર મળુ રહે ભલાણા તા. હારીજ જી.પાટણ
- ચેતન સોમા રામજી દેસાઈ ઉં.વ.૨૩ સે-૧૩ એ પ્લોટ નં. ૩૮૭-૨ ગાંધીનગર મુળ રહે. વિઠ્ઠલાપુર તા.માંડલ જી. અમદાવાદ નો સમાવેશ થાય છે.

# ચંદ્રાલા એસટી બસમાંથી ૧૩ બોટલ સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર,તા.૨૬

હિંમતનગર-ચિલોડા માર્ગ પર ચંદ્રાલા પાસે એસટી બસમાંથી ૧૭ વિદેશી દારુની બોટલ સાથે એક શખ્સ પકડાયો છે. ચિલોડા પોલીસનો સ્ટાફ ચંદ્રાલા ટોલનાકા પાસે વાહન ચેકીંગ કરી રહ્યો હતો. ત્યારે રાત્રીના દોઢ વાગ્યાના અરસામાં જી.જે.૧૮.ઝેડ- ૫૧૬૮ બસ આવી હતી. આ બસમાં મુસાફરોનું ચેકીંગ કરતા એક યુવાનના થેલામાંથી વિદેશીદારુની ૧૩ બોટલ અને ૪ બિયરના ટીન પકડી પાડવામાં આવ્યા હતા. આ યુવાનનું નામ પુછતા તેણે પોતાનુ નામ દિલિપ બાબુજી ચૌધરી સેકટર-૨૪ પીળાપટ્ટા માં રહેતો હોવાનું સામે આવ્યું હતું.

પોલીસે યુવક પાસેથી રૂ.૪૯૩૭ ની કિંમતનો દારુ અને જપ્ત કરીને પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી કાયેદસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. દારુ વિશે યુવકની પુછપરછ કરવામાં આવતા યુવકે આ દારુ ઉદેપુરના એક ઠેકા પરથી મોજશોખ માટે લાવ્યો હોવાનું રટણ કરી રહ્યો હતો. પોલીસે યુવાન દારુ વેચાણ માટે કે મોજશોખ માટે લાવ્યો છે તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ચિલોડા ખાતે મુખ્યમંત્રી ‘મા’ અમૃતમ કાર્ડ વિતરણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર તાલુકાના ચિલોડા કાનૂની કિલનીક ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગરના ઉપક્રમે તા. ૨૦-૭-૨૦૧૯ તથા તા. ૩-૮-૨૦૧૯ના રોજ બે દિવસ મુખ્યમંત્રી શ્રી ‘મા’ અમૃતમ વાત્સલ્ય યોજના અંતર્ગત કાર્ડ મેળવવા માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તા. ૩-૮-૨૦૧૯ના રોજ યોજાયેલ કેમ્પમાં ૫૫ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જયારે તા. ૨૬મી ઓગષ્ટના રોજ કાર્ડ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પીએલવી નટુભાઈ પટેલ, ગ્રામ પંચાયત સદસ્ય, ગામના સરપંચ વસુમતીબેન પટેલ, તલાટી કમ મંત્રી રાજુભાઈ પટેલ તથા અગ્રણી દિનેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# જુગાર કેસમાં આરોપીએ પીએસઆઈ સામે ગંભીર આક્ષેપ સાથે ડીએસપી કચેરી ખાતે અરજી કરી

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર તાલુકાના એક ફલેટમાં પોલીસે રેઈડ પાડીને જુગાર રમી રહેલા ૯ જુગારીઓને પકડી પાડ્યા હતા. ત્યારે બનાવમાં હવે નવો વળાંક આવ્યો છે. રેઈડ કરવા ગયેલા પીએસઆઈ પર ૧૦ લાખથી વધુનો તોડ કર્યાનો આક્ષેપ થયો છે. જુગાર રમતા પકડાયેલા એક શખ્સે જિલ્લા પોલીસ વડાને પૈસાની ઉઘરાણી માટે આવેલા ફોન નંબરોના આક્ષેપો સાથેની અરજી કરી છે. અરજીમાં કરાયેલા આક્ષેપ પ્રમાણે તે પોતાના મિત્રો સાથે જુગાર રમતા ઝડપાયો હતો. ત્યારે રોકડા રૂ.૬ લાખ પકડાયા હતા. જો કે કેસ થયો ત્યારે માત્ર ૨ લાખ રૂપીયા જ દર્શાવ્યા હતા. તે ઉપરાંત પીએસઆઈએ બીજા કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને બીજા ૭.૧૫ લાખ રૂપીયાનો તોડ કર્યાનો આક્ષેપ થયો છે. અરજદારના આક્ષેપ મુજબ તેણે સૌથી પહેલા શહેરની એક પોલીસ ચોકીમાં રૂ.૨.૩૦ લાખ આપ્યા હતા.

ત્યારબાદ એક પોલીસ સ્ટેશનમાંથી આવેલ ભાઈ જે પીએસઆઈની ગાડી ચલાવે છે, તેને અઢી લાખ આપ્યા હતા. તે ઉપરાંત બાકી નીકળતા રૂ.૨.૧૦ લાખ રૂપીયા તેઓએ પોલીસ સ્ટેશન બહાર આવેલા એક વૃક્ષની નીચે ઉબેલી ગાડીમાં આપ્યા હતા. જેમાં ચાર જેટલા પોલીસ કર્મચારીઓ હતા. તમામ પૈસાની લેતી-દેતીના હિસાબ માટે તેઓને એક હોટલના રૂમમાં બોલાવ્યા હોવાનો આક્ષેપ અરજદારે કર્યો છે. તે સમયે ચાર પોલીસ કર્મીઓ અને બે શખ્સ અન્ય બીજા હાજર રહ્યા હતા. જુગારના કુલ રૂ. ૭ લાખના તોડમાં જે સ્થળ પરથી જુગાર ધામ પકડાયું તે ફલેટના માલિક પાસેથી પણ રૂ.૧૫ હજાર રૂપીયા લીધા હોવાનો પણ સમાવેશ થાય છે. ત્યારે આ સમગ્ર કેસમાં પીએસઆઈએ દાવો કર્યો છે કે તેમણે કશુ ખોટું કર્યુ નથી અને રેઈડની જે પણ કાર્યવાહી કરવામાં આવી છે તે વિડીયો રેકોંડીગ સાથે કરવામાં આવી છે.



ગાંધીનગર શહેરના ઘ-૭ પાસે સોમવાના રોજ સાંજના સુમારે સીએમ કોન્વોય માં ઉપયોગમાં લેવાતી કારે એક બાઈકને ટક્કર મારી હતી. સામાન્ય ટક્કરમાં બાઈક પર સવાર મહિલાને હાથમાં ઈજા પહોંચી હતી.ગાડી કોન્વોયમાં સામેલ ન હતી તે સમયે અકસ્માત સર્જાયો હતો. જો કે બનાવ અંગે મોડીસાંજ સુધી કોઈ ફરીયાદ નોંધાઈ નથી. અકસ્માતને પગલે થોડીવાર માટે ટ્રાફિકજામ થઈ ગયો હતો.



સે. ૨૭માં આવેલ શિવશક્તિ મંદિરમાં આજે છેલ્લા શ્રાવણિયા સોમવારને લઈ ભગવાન મહાકાલ જેવો શ્રૃંગાર કરવામાં આવ્યો હતો તેની તસ્વીર.

# આજથી પર્વાધિરાજ પર્યુષણ પર્વનો પ્રારંભ

આજથી ગાંધીનગરમાં પર્વાધિરાજ પર્યુષણ પર્વનો શુભારંભ થયો છે, સવારથી જ જૈન શ્રદ્ધાળુઓએ પ્રતિક્રમણ સાથે ઉપવાસ તપસ્યાનો પ્રારંભ કરી દીધો છે અને બીજી તરફ શહેરના જૈન મંદિરોમાં ભગવાનને ભવ્ય આંગી શણગારના આયોજનો હાથ ધરાયાં છે. શહેરના સેક્ટર-૨૨માં ચાતુર્માસે પધારેલા જૈનાચાર્ય પૂ. ઉદયવલ્લભસુરીજી મ.સા. સહિત સંઘના આર્શિવચન પણ પર્યુષણ પર્વ દરમ્યાન યોજાશે.

પર્વાધિરાજ મહાપર્વ પર્યુષણમાં જૈન અનેક શ્રદ્ધાળુઓ અઠ્ઠઈ એટલે કે આઠ ઉપવાસ, સોળ ભથ્થું એટલે કે સોળ ઉપવાસ અથવા માસ ખમણ એટલે કે ૩૦ ઉપવાસ જેવી કઠિન તપસ્યાઓ પણ કરશે. દરેક જૈન શ્રદ્ધાળુઓ રોજ સવારે અને સાંજે બે સમય પ્રતિક્રમણ તથા રાત્રે ભાવનામાં સામેલ થશે. પૂ. ઉદય વલ્લભસુરીજી મ.સા. દ્વારા પ્રવચન શ્રૃંખલા યોજાશે જેનો મોટી સંખ્યામાં જૈન તથા જૈનેતર શ્રદ્ધાળુઓ પણ લાભ લેશે. શહેરના સેક્ટર-૨૨, સેક્ટર-૭, સેક્ટર-૩, સેક્ટર-૨૪ સહિત તમામ જૈન મંદિરોમાં દરરોજ ભગવાનને ભવ્ય આંગી શણગાર કરવામાં આવશે.

# “રાઈટ ટુ ઈટ” વિરુદ્ધ “રાઈટ ટુ લાઈફ” : પૂ. ઉદયવલ્લભસૂરી મ.સા.

ગાંધીનગર, તા. ૨૬

શહેરમાં ચાતુર્માસે પધારેલા જૈનાચાર્ય પૂ. ઉદયવલ્લભસુરી મ.સા.એ કહ્યું હતું કે અમેરિકાના ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ અલ-ગોર એક ગજબનું પુસ્તક લખી ચૂક્યા છે. પુસ્તકનું નામ છે : ‘એન ઈન્કન્વિન્ચન્ટ ટ્રૂથ, એટલે ગળે ન ઉતરે તેવુ સત્ય. ગ્લોબલ વોર્મિંગની વધતી સમસ્યા ઉપર લખાયેલ આ પુસ્તક દરેક દેશ માટે આંગળી ચીંધણું કરે છે.

હાર્વે ડાયમન્ડનું એક અવ્વલ પુસ્તક છે : ‘યોર અર્થ, યોર પ્લાનેટ.’ કલાઈમેટ ચેઈન્જની સળગતી સમસ્યાના કારણો ઉપર ફોક્સ કરતું આ પુસ્તક છે.

જોન રોબિન્સનું ‘અ ડાયેટ ફોર ન્યૂ અમેરિકા’ પશ્ચિમી દેશોમાં તહલકો મચાવી ગયું. સ્ટેટસના રાષ્ટ્ર પ્રમુખના અંગત ડાયેટિશ્યનના વિચારો જ્યારે કાગળ પર છપાયા ત્યારે એક વૈચારિક ભૂકંપનો આંચકો આવ્યો હતો.

વધતી ગરમીને સીધી જ ગ્રીનહાઉસ ગેસ ઈફેકટ સાથે સાંકળવામાં આવે છે. વાસ્તવમાં સુધરેલા દેશોમાં બધા જ પ્રકારના ટ્રાન્સપોર્ટ કરતા ચાર ગણો હિસ્સો માંસાહાર માટે થતી કતલનો છે.

કદાચ વૈશ્વિક મીટ ઈન્ડસ્ટ્રી દુનિયાના પીવાલાયક પાણીના કુલ જથ્થાનો ૨૫થી ૩૩ ટકા હિસ્સો શોષી લે છે (દા.ત. એક હેમ્બર્ગર પાછળ ત્રણ હજાર લિટર પાણી વેડફાય છે.)

ખાવાની દરેકની ચોઈસ હોઈ શકે છે. તેમ દરેક જીવને પોતાનો જીવાધિકાર પણ છે. આજે તો રાઈટ ટૂ ઈટ અને રાઈટ ટૂ લાઈફ (પ્રાણીનો અને આપણો પણ) આમને સામને ટકરાય છે. વિવેક કહે છે કે વૈશ્વિક અહિત અટકાવવા વ્યક્તિગત ચોઈસ સાયલન્ટ મોડ પર રહે !



# ઢબુડી માની અંધશ્રદ્ધાની વાતો સામે વિજ્ઞાન જાથાનો સીધો પડકાર

રૂપાલ ઢબુડી માતાજીના નામે અંધશ્રધ્ધા ફેલાવતા ધનજી ઓડ સામે જાથા દ્વારા લાલ આંખ કરતા માતાજીનો નામે ચાલતો ગોરખધંધો ઠપ થઈ જવા પામ્યો છે. ઢબુડી માતાના નામે માથા પર ચુંદડી ઓઢીને બેસીને નાગરીકોના દુખ, દર્દ દુર કરતા ધનજી ઓડ પોતે ફરાર થઈ ગયા છે. ત્યારે ગાંધીનગર શહેરમાં પણ છ માસ અગાઉ સેકટર-૧૨ રંગમંચ ખાતે દર રવિવારના રોજ ઢબુડી માતાના દર્શાનાર્થે હજ્જારો ભકતો ઉમટી પડતા હતા. રંગમંચની આસપાસ મેળા જેવો માહોલ જોવા મળતો હતો. ઢબુડી માતાની વાર્તાઓ સાંભળીને દુરદુરથી ભકતો આવીને સવારના સુમારે લાઈનમાં ગોઠવાઈ જતા હતા. ભકતોને વિનામુલ્યે જમવાનું પીરસવામાં આવતુ હતું. ઢબુડી માતાજી દ્વારા પૈસાની માંગણી કરવામાં આવતી ન હતી. પરંતુ તેમની આગળ ભકતો દર્શન કરીને માતાજીના નામે જે પૈસા મુકતા હતા તેનો આંક સાંજ સુધીમાં લાખોમાં થતો હતો. શહેરમાં સેકટર-૧૨ રંગમંચ ખાતે ચાર રવિવાર સુધી આ પરંપરાગત ઢબુડી માતાના નામે ધનજી ઓડનો માહોલ છવાયેલો રહ્યો હતો. ત્યારબાદ સેકટર-૧૩ અને ત્યાંથી ચાંદખેડા વિસ્તારમાં ડેરા તંબુ ગયા હતા અને ત્યાંથી રાજયના વિવિધ શહેરમાં ઢબુડી માતાજીના નામે ધનજી ઓડ અને તેના સેવકો ફરતા રહેતા હતા. ત્યારે જાથા દ્વારા લાલ આંખ કરવામાં આવતા ભોળા નાગરીકોને છેતરતા હોવાનો પર્દાફાશ થયો છે.



રાજયના મહેસુલી કર્મચારી મહામંડળ દ્વારા આજે અપાયેલ માસ સી.એલ.ના એલાનને ગાંધીનગરમાં ભારે પ્રતિસાદ સાંપડ્યો હતો. કલેક્ટર કચેરીમાં મહેસુલી કર્મચારીઓએ એકત્ર થઈ અને સૂત્રોચ્ચાર કર્યા હતા. મહામંડળના પ્રમુખ વિરમભાઈ દેસાઈએ જણાવ્યુ હતુ કે અમે અગાઉ ધરણા કર્યા હતા આ પછી વર્ક ટુ રૂલ અને કાળી પટ્ટી ધારણ કરી હતી. અમારા પડતર પ્રશ્નો અંગે સરકાર તરફથી કોઈ જ સાનુકૂળ પ્રતિસાદ ના મળતાં આજે અમે માસ સીએલ પર હતા. હજુ પણ જો ઉકેલ નહિ આવે તો ૨૯મી ઓગષ્ટથી અચોક્કસ મુદતની હડતાલ પર જવાની ફરજ પડશે તેમ પણ તેમણે કહ્યુ હતુ.

## હાથતાળી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરીજનોએ આકરી ગરમી વેઠવાનો વારો આવ્યો હતો. શ્રાવણના પ્રારંભે પણ સરવરિયા વરસતા જોવા મળ્યા હતા. પરંતુ પ્રારંભિક દિવસોના અંતે ધોધમાર વરસાદ વરસતા નગરમાં ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીથી વાતાવરણમાં પણ ઠંડક પ્રવર્તી હતી. જયારે વાવણીલાયક વરસાદના અંતે ખેડુતોમાં પણ હર્ષની લાગણી વ્યાપી હતી. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૪૫૩ મી મી વરસાદ વરસ્યો છે. જયારે છેલ્લા બે ત્રણ દિવસથી વરસાદી વાતાવરણ વચ્ચે વરસાદ હાથતાળી આપતા દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે પણ શહેરીજનો ગરમીનો અહેસાસ કરી રહ્યા છે. આકાશમાં સતત વરસાદી વાદળો ગોરંભાયેલા જોવા મળી રહ્યા છે. આજે પણ સવારથી જ વાદળિયુ વાતાવરણ યથાવત રહ્યુ હતુ. જયારે થોડીવાર માટે ઝરમરિયા વરસાદ વરસ્યો હતો. સાંજે પણ આકાશી નઝારો નિખર્યો હતો પરંતુ વરસાદ ધોધમાર વરસ્યો ન હતો. વરસાદી વાદળોની હાજરીમાં પણ બપોરના સમયે નગરજનોએ ઉકળાટનો અનુભવ કર્યો હતો. મોડી સાંજ સુધી મેઘરાજાએ ડોકીયુ કર્યુ ન હતુ. શહેરમાં ઓગષ્ટના અંત સુધીમાં અંદાજિત ૪૫૩ મી મી વરસાદ થયો છે. હવામાન નિષ્ણાંતોના મતે સપ્ટેમ્બરમાં પણ વરસાદ આવવાની સંભાવના છે. શહેરમાં વરસાદી વાતાવરણ વચ્ચે સેકટરોમાં વરસાદી સમસ્યાઓ ઉભરાતી નજરે પડે છે. સતત વાદળિયા વાતાવરણના લીધે રોગચાળો બેકાબુ બને તેવી દહેશત છે. જયારે સુસ્તીનો ભોગ બનેલા શહેરીજનોના આરોગ્ય પર વિપરિત અસરો જોવા મળી રહી છે.

## ક્રોપ પેટર્ન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાવેતર થયુ છે. જેમાં કપાસનું ૨૩,૫૮૮ હેક્ટર, દિવેલા ૧૭,૨૯૮ હેક્ટર, ગવાર ૬૪૨૫ હેક્ટર, શાકભાજીના પાકોનું વાવેતર ૧૧,૬૮૯ હેક્ટર, ઘાસચારાનું વાવેતર ૩૧,૯૪૮ હેક્ટર, મગફળીનું ૬૧૬૨ હેક્ટર, બાજરીનું ૩૦૬૮ હેક્ટર, ડાંગરનું વાવેતર ૧૦,૩૭૩ હેક્ટરમાં થયુ છે. જયારે મકાઈનું ૫ હેક્ટરમાં, તુવેરનું ૫૭ હેક્ટરમાં, મગનું ૧૨૮૩ હેક્ટરમાં, મઠનું વાવેતર ૩૫ હેક્ટરમાં અને અડદનું વાવેતર ૧૭૩ હેક્ટરમાં થયુ છે. તલનું વાવેતર ૧૫૦ હેક્ટરમાં થયુ છે. જિલ્લામાં અનિયમિત ચોમાસાને લઈ ક્રોપ પેટર્નમાં બદલાવ જોવા મળ્યો છે. તેલીબિયાના પાકોનું વાવેતર વધતુ જોવા મળ્યુ તો કઠોળ પાકનું વાવેતર અને શાકભાજીનું વાવેતર ઘટ્યુ છે.

## ફુટપાથ બેસી ગઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાણીના નિકાલની લાઈન માટે હાથ ધરાયેલ ખોદકામગીરીના અંતે યોગ્ય માટી પુરાણ ન થતા ઠેર ઠેર પોલાણના લીધે ગાબડા પડયા છે. શહેરના મુખ્ય તેમજ આંતરિક માર્ગોની ફુટપાથ પણ બેસી ગઈ છે. કોર્પોરેશને સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી માટે ફુટપાથની ટાઈલ્સો દુર કરીને અગાઉ ખોદકામ કર્યુ હતુ. જયારે આ કામગીરી બાદ યોગ્ય માટીપુરાણ કર્યા વિના જ વોક વે પર ટાઈલ્સ પાથરી દેવામાં આવી છે. જેના લીધે વરસાદમાં ઠેર ઠેર આખે આખી ફુટપાથ બેસી ગઈ છે. ફુટપાથ પર મોટા ગાબડા જોવા મળી રહ્યા છે. સે-૧૭ જિલ્લા પંચાયતના બસ સ્ટેન્ડ પાસે ફુટપાથની દશા બેઠી છે. વરસાદમાં માટી પોલાણના લીધે ફુટપાથ જમીનમાં ગરકાવ થઈ ગઈ છે. સે-૧૭ માં લાઈનનુ કામ હાથ ધરવા માટે અગાઉ કોર્પોરેશન દ્વારા આ ઠેકાણે ખોદકામ હાથ ધરાયુ હતુ. આ સ્થિતિ વચ્ચે માર્ગ પર જતા રાહદારીઓ પણ ગમે ત્યારે અકસ્માતનો ભોગ બને તેવી જોખમી સ્થિતિ જોવા મળી રહી છે. શહેરમાં ફુટપાથ નિર્માણની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે વાઈબ્રન્ટ વેળાએ પણ ફુટપાથની કામગીરીને અનુલક્ષી બ્યટીફિકેશન પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે કોર્પોરેશને આ ખર્ચ માથે પાણીઢોળ કરી દીધુ છે. વરસાદી પાણીના નિકાલની લાઈનની કામગીરીમાં બેદરકારી દાખવતા તંત્રના લીધે અનેક દુવિધાઓ ઉભી થઈ છે. વરસાદના દિવસોમાં શહેરમાં ઠેર ઠેર ભયજનક ગાબડા જોવા મળી રહ્યા છે. પરંતુ હજુ સુધી સ્થળ પર આ સ્થિતિ નિવારવા માટે કોઈ કામગીરી હાથ ધરવામાં આવી નથી. સેકટરોમાં પણ ગાબડા પુરવા માટે કોઈ આયોજન થયુ નથી. વરસાદ બંધ હોય તે દરમિયાન પણ માટી પોલાણ નિવારવા માટે પણ કામ હાથ ધરાતુ નથી.

## જોખમી ગાબડા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દ્રશ્યો જોવા મળી રહ્યા છે. માર્ગ વચાળે જ રખડતા ઢોર અડીંગો જમાવી બેસતા માર્ગ સલામતી પણ જોખમાઈ છે. જયારે શહેરના માર્ગો પર પણ ઘણાં ઠેકાણે નાના મોટા ગાબડા જોવા મળી રહ્યા છે. સે-૧૦ માં પોલીસ ભવન પાસેના માર્ગ પર પણ ગાબડુ અસ્તિત્વમાં આવ્યુ છે. બીજીતરફ વરસાદી પાણીના લીધે માર્ગોનુ પણ ધોવાણ થતા ડામરની કાંકરીઓ વાહનચાલકો માટે ત્રાસરૂપ બની છે. શહેરમાં વરસાદથી ધોવાયેલા રસ્તાઓને યોગ્ય કરવા માટે તંત્ર દ્વારા માર્ગોની સફાઈ પણ કરવામાં આવે છે. આ ઉપરાંત વધુ ધોવાણ અટકાવવા માટે જરૂરી જાળવણીનુ કામ પણ હાથ ધરવામાં આવી રહ્યુ છે.

## વિક્રમી ઉછાળો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બુસ્ટર ડોઝની અસર વચ્ચે સેંસેક્સ એક વખતે ઈન્ટ્રા ડેના કારોબાર દરમિયાન ૮૪૩ પોઈન્ટ સુધી ઉછળ્યો હતો પરંતુ ત્યારબાદ તેમાં આંશિક ઘટાડો રહ્યો હતો અને કારોબારના અંતે સેંસેક્સ ૨.૧૬ ટકા સુધી ઉછળીને બંધ રહ્યો હતો. એચડીએફસી, આઈસીઆઈસીઆઈ બેંક, આઈટીસી, લાર્સન એન્ડ ટુબ્રોના શેરમાં સૌથી મોટો ઉછાળો રહ્યો હતો. આવી જ રીતે એચડીએફસી, યશ બેંક, બજાર ફાઈનાન્સ, આઈસીઆઈસીઆઈ બેંકના શેરમાં સૌથી વધુ ઉછાળો રહ્યો હતો. વેદાંતા, સનફાર્મા, હિરો મોટોના શેરમાં કારોબાર દરમિયાન સૌથી મોટો ઘટાડો રહ્યો હતો. આવી જ રીતે બ્રોડર નિફ્ટી ૫૦માં ૨૪૧ પોઈન્ટનો ઉછાળો ઈન્ટ્રાડેના કારોબાર દરમિયાન નોંધાયો હતો. ત્રણ કારોબારી સેશન બાદ નિફ્ટીએ ૧૧ હજારની સપાટી હાંસલ કરી લીધી હતી. જો કે, નિફ્ટી કારોબારના અંતે ૨૨૯ પોઈન્ટ ઉછળીને ૧૧૦૫૮ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં આજે તેજી માટે વિવિધ પરિબળોની અસર જોવા મળી હતી.

## તકલીફ ન ઉઠાવે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

યુટર્ન લઈને ગુલાંટ મારી દીધી હતી. ટ્રમ્પે પણ મોદીની વાતનું સમર્થન કરતા કહ્યું હતું કે, મોદી પર તેમને વિશ્વાસ છે. ભારત અને અમેરિકા બંને લોકશાહી મૂલ્યોને લઈને ચાલનાર દેશ પૈકીના છે. કઈ રીતે સાથે મળીને ચાલી શકે છે અને શું યોગદાન આપી શકાય છે તેના ઉપર ચર્ચા વિચારણા થઈ રહી છે. મિડિયા તરફથી જ્યારે કાશ્મીરને લઈને પ્રશ્ન કરવામાં આવ્યો ત્યારે મોદીએ કહ્યું હતું કે, ભારત અને પાકિસ્તાન વચ્ચે અનેક દ્વિપક્ષીય મુદ્દાઓ છે. પાકિસ્તાનમાં ચૂંટણી જીત્યા બાદ ત્યાંના નવા વડાપ્રધાનને ફોન કરીને કહ્યું હતું કે, ભારત અને પાકિસ્તાન બંને દેશોને બિમારી, ગરીબી, નિરક્ષરતા સામે લડવાની જરૂર છે. બંને દેશો સાથે મળીને લડી શકે છે. બંને દેશ પ્રજાની ભલાઈ માટે કામ કરી શકે છે. મોદીએ કહ્યું હતું કે, પ્રમુખ ટ્રમ્પ સાથે પણ આ મુદ્દા પર વાતચીત થતી રહે છે. ટ્રમ્પે કહ્યું હતું કે, મોદી સાથે કાશ્મીર મુદ્દા પર વાતચીત થઈ છે. મોદી કહી ચુક્યા છે કે, તમામ બાબતો કાબૂમાં છે.

## પુર તાંડવ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, આવી પરિસ્થિતિમાં માર્ગદર્શિકાને પાળીને પેકેજ જારી કરવામાં આવે છે. છેલ્લી એક સદીમાં સૌથી ભીષણ પુરની સ્થિતિનો સામનો કરી રહેલા કેરળ માટે કેન્દ્ર સરકાર તરફથી સહાય આપવામાં આવી ચુકી છે. કેરળમાં અભૂતપૂર્વ નુકસાન થઈ ચુક્યું છે. બચાવ અને રાહત કામગીરી કેરળના પુરગ્રસ્ત વિસ્તારોમાં હજુ પણ ચાલી રહી છે. રાહત કેમ્પોમાં રહેતા લોકોની સંખ્યા હવે ઓછી છે. રોગચાળાનો ખતરો હજુ તોળાઈ રહ્યો છે. સાફ સફાઈને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી છે.

## હુમલાનો ખતરો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પુરવાર કરવામાં સફળ રહ્યા નથી. સેનાના ઓપરેશન ઓલ આઉટના કારણે ત્રાસવાદી સંગઠનની કમર તુટી ગઈ છે. આવી સ્થિતીમાં ત્રાસવાદીઓ હવે તેમની હાજરી પુરવાર કરવા માટેના પ્રયાસ કરી રહ્યા છે. અંકુશ રેખા પર પાકિસ્તાની સેના દ્વારા હાલના વર્ષોમા સતત યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કરવામાં આવે છે. આવી સ્થિતીમાં હવે ઘુસવામાં સફળ રહેલા ત્રાસવાદી સુરક્ષા દળોને ટાર્ગેટ બનાવી શકે છે. હાલમાં અમરનાથ યાત્રા પર શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ છે. જુદા જુદા ભાગોમાં ઘુસેલા ત્રાસવાદીઓને સ્થાનિક કટ્ટરપંથીનો હજુ સાથ મળી રહ્યો છે. જેથી તેમને કેટલીક સફળતા પણ મળી છે.